ગાંધીનગર ભાસ્કર, પાના નં. ૦૨, તા. ૦૪.૦૯.૨૦૨૫

### સ્થાનિકો, આગેવાનો, વેપારીઓ સાથે પરામર્શ કરી સ્થળો નક્કી કરવામાં આવશે

# શહેરમાં મેટ્રો રેલને સમાંતર 19 સ્થળે પાર્કિંગની સુવિધા ઊભી કરાશે, 2 હજાર વાહન પાર્ક થઈ શકશે

ભાસ્કર ન્યૂઝ | ગાંધીનગર

ગાંધીનગર શહેરમાં નવા વિસ્તારો વિકસી રહ્યા છે તેમ પાર્કિંગની સમસ્યા જટીલ બની રહી છે. મહાનગરપાલિકા દ્વારા ડ્રાફ્ટ કરવામાં આવેલી પાર્કિંગ પોલીસીનો અમલ હજુ શરૂ થયો નથી બીજી તરફ ગાંધીનગરમાં મેટ્રોનો મહાત્મા મંદિર સુધીનો તબક્કો પણ ડિસેમ્બરથી કાર્યરત થઈ રહ્યો છે ત્યારે મેટ્રો સ્ટેશન પર પાર્કિંગની અસુવિધાની ફરિયાદો ઉઠવા પામી છે. મેટ્રો સ્ટેશન આસપાસ મહાનગરપાલિકા દ્વારા 19 જેટલા સ્થળો પાર્કિંગ માટે આઈડેન્ટીફાય કરવામાં આવ્યા છે જ્યાં પાર્કિંગની વ્યવસ્થા કરવામાં આવશે. કુલ 2 હજારથી વધુ વાહનો એક જ સમયે પાર્ક થઈ શકે તેટલી ક્ષમતાની પાર્કિંગ વ્યવસ્થા ઉભી કરવાનું આયોજન મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવ્યું છે. હાલ મેટ્રો સ્ટેશન પાસે કોઈ સત્તાવાર પાર્કિંગ પ્લેસ નથી.

મોટેરા નરેન્દ્ર મોદી સ્ટેડિયમથી સેક્ટર-10 સચિવાલય મેટ્રો સ્ટેશન સુધી મેટ્રો રેલ સુવિધા શરૂ થઈ ગઈ છે અને માત્ર ચાર મહિનામાં જ એટલે કે ડિસેમ્બર 2025 સુધીમાં મહાત્મા મંદિર સુધીની મેટ્રો રેલ સુવિધા શરૂ કરવાનું આયોજન થઈ રહ્યું છે. હાલ શહેરનો બહોળો વર્ગ મેટ્રોનો ઉપયોગ કરી રહ્યો છે. ખાસ કરીને અમદાવાદ-ગાંધીનગર વચ્ચે અપડાઉન કરનારા લોકો મેટ્રોનો વ્યાપક ઉપયોગ કરતા હોવાથી તેઓ પોતાના ટુ વ્હીલર અથવા ફોર વ્હીલર મેટ્રો સ્ટેશને મૂકતા હોય છે. પરંતુ મેટ્રો સ્ટેશન પર સત્તાવાર પાર્કિંગ વ્યવસ્થા કરવામાં આવી નથી. નજીકની ખુલ્લી જગ્યામાં વાહનો પાર્ક થાય છે. પરિણામે સલામતી અને ટ્રાફિકની સમસ્યા સર્જાય છે.

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા શહેરના સ્થાપના દિન નિમિત્તે ખાસ વિઝન ડોક્યુમેન્ટ તૈયાર કર્યું છે. જે મુજબ શહેરના મેટ્રો સ્ટેશન પર પાર્કિંગ વ્યવસ્થાની જવાબદારી મહાનગરપાલિકા દ્વારા સંભાળવામાં આવશે. મેટ્રો સ્ટેશન આસપાસના 19 જેટલા સ્થળોએ પાર્કિંગની વ્યવસ્થાનું સક્રિય આયોજન કરવામાં આવ્યું છે. જેમાં 1400 જેટલા ટુ વ્હીલર, 700 જેટલા ફોર વ્હીલર અને 14 જેટલા અન્ય વાહનો પાર્ક કરી શકાય તે પ્રકારે વ્યવસ્થા ગોઠવાશે. મહાનગરપાલિકા દ્વારા મેટ્રો સ્ટેશન નજીક પાર્કિંગની સુવિધા માટે સ્થાનિક નાગરિકો, કોર્પોરેટરો, વેપારીઓ સહિતના અગ્રણીઓ સાથે પરામર્શ કરીને સ્થળ નક્કી કરવામાં આવશે.

## બોલાર્ડ મૂકી વાહનોની અવરજવર નિયંત્રિત કરાશે



મહાનગરપાલિકા દ્વારા આધુનિક ટેક્નોલોજીના ઉપયોગ થકી થ્રી લેયર સિસ્ટમથી વાહન પાર્કિંગની સુવિધા રખાશે. સમગ્ર સ્થળ ફેન્સીંગથી સુરક્ષિત કરાશે. પાર્કિંગની અંદર બોલાર્ડ મૂકીને વાહનોની અવરજવર નિયંત્રિત કરાશે તેમજ રાહદારીઓ માટે ચોક્કસ પેસેજ નિયત કરવામાં આવશે. ફૂટપાથ પર વાહનો મૂકી ન દેવાય તે માટે પણ બોલાર્ડનો ઉપયોગ કરવામાં આવશે.